જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૯/૦૪/૨૦૨૩  બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૪૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૧૮૨ લીટર દેશી દારૂ, ૨૬૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૭૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૦૭ બિયર ટીન, ૦૩ સ્કુટર અને ૦૫ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૯ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૫,૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૪૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૬૪૫/૨૦૨૩

**ખાડીયાઃ** નિરવભાઇ વિનોદચંદ્ર શાહ (ઉ.વ.૪૭)(રહે.નેમ રાજુલ ફ્લેટ, શાંતિવન, પાલડી) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૪/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન માણેકચોક હવેલી ચેમ્બર્સમાં પહેલા માળે આવેલ “નાકોડા ઓર્નામેન્ટ” નામની નિરવભાઇની દુકાનમા નોકરી કરતો આરોપી રણવીર ખુમાજી પુરોહીત (રહે.બાપુનગર મુળવતન:-ગામ ખિરોડી તા.ચિત્તલવાણા જી.સાંચોર રાજસ્થાન)ને નિરવભાઇએ રી-ટચ કરાવવા માટે સોનાની રણી કિંમત રૂપિયા ૧૧,૭૫,૮૫૦/- આપેલ હતી. જે સોનાની રણી લઇ જઇ નિરવભાઇને સોનાની રણી પરત નહીં કરી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.પરમાર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૬૪૬/૨૦૨૩**

**દાણીલીમડાઃ** મોહમદજમીલ અબ્દુલકરીમ મણીયાર(ઉ.વ.૬૨)(રહે.ખુરશીદપાર્ક, ઇકરા હોસ્પીટલ સામે, સરખેજ રોડ, જુહાપુરા) એ તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૪/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૧૧/૦૪/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન દાણીલીમડા બી.આર.ટી.એસ વર્કશોપ પાસે આવેલ મણીયાર પેટ્રોલપંપ ખાતે સેલ્સ ઓફીસની બારી તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમા પ્રવેશ કરી, ઓફીસના માળીયાના કબાટમાંથી રોકડ રૂપિયા ૧,૭૮,૮૧૪/- ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**વાડજઃ** જયંતીભાઇ પરષોતમભાઇ ચૌહાણ (ઉ.વ.૫૯)(રહે.ચંદ્રભાગા હાઉસિંગ બોર્ડ નવા વાડજ) એ તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૩/૨૦૨૩ બપોરના ૧/૩૦ થી તા.૩૧/૦૩/૨૦૨૩ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળૂ તોડી, અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૩,૯૮૦/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.પરમાર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૪૭/૨૦૨૩**

**નવરંગપુરાઃ** અર્પીતભાઇ જતીનકુમાર દેસાઈ (ઉ.વ.૪૫)(રહે.સેકટર-૭ સનસીટી એસ.પી.રીંગ રોડ સાઉથ બોપલ) એ તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૩/૨૦૨૩ બપોરના ૧૨/૫૫ થી ૧/૫૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સી.જી.રોડ પંચવટી થર્ડ આઈ-૧ કોમ્પલેક્ષમાં ઓફીસ નંબર-જી/૨ તથા જી/૩ ખાતે આવેલ "માલાબાર ગોલ્ડ પ્રા.લી" નામના અર્પીતભાઇના શો-રૂમમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલ અજાણ્યો પુરૂષ અને સ્ત્રી એ ભેગામળી શો-રૂમના સેલ્સવુમન નીશીતાબહેન પટેલની નજર ચુકવી તેમની પાસેની ટ્રે માંથી એક સોનાની ચેઈન કિંમત રૂપિયા ૩,૬૫,૦૦૦/-મતાની ચોરી કરી લઇ શો-રૂમમાંથી નીકળી ગયેલ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૪૮/૨૦૨૩**

**રાણીપઃ** સુનીલભાઇ ચંદુભાઇ મકવાણા(ઉ.વ.૩૬)(રહે.મગનપુરાની ચાલી જોગણીમાતાના મંદીર પાસે રાણીપ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૪/૨૦૨૩ બપોરના ૧/૦૦ થી સાંજના ૭/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતની એંગલ સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્ર રાજકુમાર ચલાવે છે.

**વટવાઃ** આશાબહેન ઉર્ફે લક્ષ્મી વા/ઓ સિધ્ધરાજભાઇ ઓડ (ઉ.વ.૩૮)(રહે.સાંઇનાથ રો-હાઉસ ચર્ચની ગલીમાં વટવા)એ અગમ્ય કારણસર તા.૧૮/૦૪/૨૦૨૩ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના મકાનની છતની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.આજરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી